| | |
|---|---|
| રજુ તારીખ | ૧૪/૧૦/૨૦૨૪ |
| દાખલ તારીખ | ૧૪/૧૦/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૦૧/૦૭/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ:**૦૦** માસ:**૦૮** દિન:**૦૧૮** |

# મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસર
# શ્રી એન.આર.વઘવાણી સાહેબ સમક્ષ.

રીવ્યુ અરજી નંબર : ૧૩/૨૦૨૪
(ઈન રેફરન્સ કેસનં.૮૮૩/૨૦૧૭)
આંક– ૦૭

**<u>અરજદાર</u>** **:** **હિંમતભાઈ બચુભાઈ રાઠોડ**
**બીજા પક્ષકાર** કેર ઓફ–અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ
હે. ૨–જો માળ, અરબ ચેમ્બર્સ, રીલીફ રોડ, અમદાવાદ.

**: <u>વિરૂધ્ધ</u> :**

**<u>સામાવાળા</u>** **:** **મે. પ્રોપરાયટરશ્રી**
**પ્રથમ પક્ષકાર** જય બ્રહમાણી લેબર કોન્ટ્રાકટર
કેર ઓફ–દિશમાન ફાર્માસ્યુટીકલ્સ એન્ડ કેમીકલ લી.
હે. મુ. લોદરીયા, સાણંદ–બાવળા રોડ, તા.સાણંદ,
જી. અમદાવાદ.

**<u>હાજર રહયા</u> :** અરજદાર તરફે : વિ.પ્રતિ.શ્રી વી.કે.કાઝી
સામાવાળા તરફે : કોઈ હાજર નથી

## –:: <u>હુકમ</u> ::–

**૧. અરજીની ટુંકી હકીકત**

હાલની અરજી મુળ અરજદારે કરેલ છે. અરજીની ટુંકી હકીકત છે કે, અરજદારે સામાવાળા વિરુધ્ધ રેફરન્સ કેસનં.૮૮૩/૨૦૧૭ થી વિવાદ ઉપસ્થિત કરેલ હતો, જેમાં પ્રથમ પક્ષકારનં.૨ તરીકે જય બ્રહમાણી લેબર કોન્ટ્રાકરટને પક્ષકાર તરીકે જોડેલા હતા અને તેમનુ નામ ચાલતુ હતુ પરંતુ કોર્ટ ધ્વારા પસાર કરવામા આવેલ હુકમમાં, પ્રથમ પક્ષકારનં.૨ તરીકે સંસ્થાનુ નામ શરત

ચુકથી તિરૂપતી લેબર કોન્ટ્રાકટર જણાવવામા આવેલ છે, જે ખોટુ હોવાથી અસલ નામવાળો એવોર્ડ પસાર કરવા હાલની રીવ્યુ અરજી કરેલ છે. કોર્ટ ધ્વારા ટાઈપભુલના કારણે પ્રથમ પક્ષકારનં.ર નુ નામ ખોટુ લખાયેલ છે. પ્રથમ પક્ષકારનં.ર નુ સાચુ નામ રેકર્ડ ઉપર લાવવા અરજી કરેલ છે. તે સિવાય હુકમમાં કે અન્ય જગ્યાએ સુધારો કરવાની માંગણી નથી. અરજદારે દાદ માંગેલ છે કે, પ્રથમ પક્ષકારનં.ર નુ નામ તિરૂપતી લેબર કોન્ટ્રાકટર ખોટુ હોય તે બદલી સાચુ નામ જય બ્રહમાણી લેબર કોન્ટ્રાકટ વંચાણે લેવા અને હુકમમા તે મુજબ સુધારો કરવા અરજ છે. અરજદારના વિ.વ.શ્રીએ અરજી મુજબની દલીલ કરેલ છે.

**ર. સામાવાળાનો જવાબ**

અરજી દાખલ થતા સામાવાળાઓને નોટીસ કરવામા આવેલ હતી. જેની બજવણી થવા છતા, સામાવાળા હાજર ન થતા, તેમના જવાબનો હકક અને દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૩. નિષ્કર્ષ**

**૧.** તમામ રેકર્ડ ધ્યાને રાખેલ છે, અરજીમાં જણાવેલ હકીકત બાબતે રેફરન્સ ટી. નં.૮૮૩/ર૦૧૭ નુ રેકર્ડ મંગાવી, આંક–૦૧ વંચાણે લેતા, પ્રથમ પક્ષકારનં.ર નુ નામ મે. પ્રોપરાઈટરશ્રી જય બ્રહમાણી લેબર કોન્ટ્રાકટર લખેલ છે. આંક–૦૯ થી તેમના તરફે વી.પી. રજુ છે પરંતુ આંક–૧૬ ના એવોર્ડમાં પ્રથમ પક્ષકારનં.ર નુ નામ મે. પ્રોપરાઈટરશ્રી તિરૂપતી લેબર કોન્ટ્રાકટર લખેલ છે. આમ, સ્પષ્ટ રીતે જણાય આવે છે કે, જે તે વખતે પ્રથમ પક્ષકારનં.ર નુ નામ લખવામા ભુલ થયેલ છે. સદર ભુલ કલેરીકલ તેમજ ટાઈપોગ્રાફીકલ ભુલ કહેવાય છે. જે સુધારી શકાય તેમ છે. જે બાબતે આઈ.ડી.એકટ (ગુજરાત) રૂલ્સની કલમ–૩૧ ની જોગવાઈ વંચાણે લેતા, ''આકસ્મીક ભુલ કે ચુકમાંથી ઉપસ્થિત થતી કોઈ કારકુની ભુલ કે ગલતી સુધારી શકશે'' તેવી જોગવાઈ છે.

**ર.** આમ, મુળ કામે થયેલ ભુલ અને ઉપરોકત જોગવાઈ ધ્યાને રાખતા, તે સુધારી શકાય તેમ છે. અરજદારે ફકત સામાવાળાનં.ર ના નામમાં થયેલ ભુલનો સુધારો માંગેલ છે તે સિવાય અન્ય કોઈ સુધારાની માંગણી કરેલ નથી. ઉપરોકત પેરામાં કરેલ ચર્ચા મુજબ સામાવાળાનં.ર ના નામમાં ભુલ થયેલાનુ સ્પષ્ટ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.
- મુળ રેફરન્સ કેસનં.૮૮૩/ર૦૧૭ ના કામે આંક–૧૬ થી કરવામા આવેલ એવોર્ડમાં પ્રથમ પક્ષકારનં.ર તરીકે મે. પ્રોપરાઈટરશ્રી તિરૂપતી લેબર કોન્ટ્રાકટર લખેલ છે, તેની જગ્યાએ, મે. પ્રોપરાઈટરશ્રી જય બ્રહમાણી લેબર કોન્ટ્રાકટર લખવાનો હુકમ કરવામા

આવે છે અને તે મુજબ એવોર્ડમાં સુધારો કરી મુળ એવોર્ડની સાથે રાખવાનો હુકમ કરવામા આવે છે.

- ખર્ચ પેટે કોઈ હુકમ નથી.
- લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી દ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

હુકમ આજ તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ ખુલ્લાં ન્યાયાલયમાં વાંચી–સંભાળવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૭/૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

(એન.આર.વઘવાણી)
CODE : GJ01368
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.